Shree Thakorbhai Patel Arts & Commerce College Ankleshwar

1. મારો નાનો ભાઈ એક વર્ષનો થયો ત્યારે મારી ઉંમર તેની ઉંમર કરતા સાત ગણી હતી. જ્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં બમણી થાય ત્યારે તેની ઉંમર કેટલી હશે?

A) 8  B) 6  C) 5  D) 7  E) ઉત્તર આપવા માંગતા નથી.

2. બે આંકડાની એક સંખ્યામાંથી એકમ અને દશકના આંકડાઓની અદલાબદલી કરીને મળતી સંખ્યાને મૂળ સંખ્યામાંથી બાદ કરવામાં આવતા 36 મળે છે તો મૂળ સંખ્યામાં દશકનો આંકડો એકમના આંકડાથી કેટલો હશે?

A) ચાર જેટલો નાનો  B) સરખો

C) ચાર જેટલો મોટો  D) આમાંથી એક પણ નહીં  E) ઉત્તર આપવા માંગતા નથી.

3. તમે યાત્રાએ જવા ઉત્તર તરફ નીકળ્યા અને પછી જમણે ફંટાયા. ત્યારબાદ આગળ ચાલીને ફરી જમણે ફંટાયા અને પછી થોડું આગળ ચાલીને ઉંધી દિશામાં ચાલવા લાગ્યા તો તે કઈ દિશા તરફ હશે.

A) ઉત્તર  B) પશ્ચિમ

C) દક્ષિણ  D) આમાંથી એક પણ નહીં  E) ઉત્તર આપવા માંગતા નથી.

4. કોઈ એક દિવસ અમેરિકાના ડેટ્રોઈટ શહેરમાં ગરમી દિલ્હી કરતાં 200 સે. જેટલી ઓછી છે. જો ત્યારે દિલ્હીમાં તાપમાન 150 સે. હોય તો ડેટ્રોઇટમાં તાપમાન કેટલું હશે?

A) 50 સે.  B) -50 સે.

C) 350 સે.  D) આમાંથી એકપણ નહિ  E) ઉત્તર આપવા માંગતા નથી.

5. મકાનના પંદરમાં માળેથી નીચે ફેંકેલો સિક્કો જમીન પર 12 સેકન્ડ પછી પડે છે. બપોરના 3 કલાક 59 મિનિટ અને 52 સેકન્ડે તે જ માળેથી એક જાડું પુસ્તક ફેંકવામાં આવે છે. તે કેટલા વાગે જમીન પર પડશે?

A) 4 કલાક 0 મિનિટ 4 સેકન્ડ

B) 3 કલાક 59 મિનિટ 56 સેકન્ડ

C) 4 કલાક 1 મિનિટ

D) પુસ્તકનું વજન જાણ્યા વિના કહી ન શકાય

E) ઉત્તર આપવા માંગતા નથી.

6. પ્રશ્નાર્થના સ્થાને કયો વિકલ્પ મુકાય?  FOOT : TOES : : HAND : ?

A) PALM  B) FINGERS

C) NAILS  D) THUMB  E) ઉત્તર આપવા માંગતા નથી.

7. પ્રશ્નાર્થ સાથે કયો વિકલ્પ આવશે ?  ? : MON : : EFG : CED

A) OQP  B) OPQ

C) OQR  D) PQR  E) ઉત્તર આપવા માંગતા નથી.

8. પ્રશ્નાર્થ સ્થાને કયો વિકલ્પ મુકાય ?

Year : Month :: Week : ?

A) Fortnight B) Hour

C) Day D) Minute E) ઉત્તર આપવા માંગતા નથી.

9. પ્રશ્નાર્થ ની જગ્યાએ કયો અંક મુકાશે ? 09 : 25 :: 49: ?

A) 63 B) 81 C) 36 D) 64 E) ઉત્તર આપવા માંગતા નથી.

10. પ્રશ્નાર્થ ની જગ્યાએ કયો અંક આવશે? 18, 10, 6, 4, ?

A) 8 B) 5 C) 6 D) 3 E) ઉત્તર આપવા માંગતા નથી.

11. પ્રશ્નાર્થ ની જગ્યાએ કયો અંક આવશે? 27, 64, 125, 216, 343, ?

A) 686 B) 559 C) 416 D) 512 E) ઉત્તર આપવા માંગતા નથી.

12. પ્રશ્નાર્થની જગ્યાએ કયો અંક આવશે ? 17, 13, 11, 7, 5, 1, ?

A) -1 B) 0 C) 1 D) 2 E) ઉત્તર આપવા માંગતા નથી.

13. નીચેના પૈકી કઈ જોડ અન્ય જોડ થી જુદી પડે છે ?

A) 15, 4 B) 30, 18

C) 15, 9 D) 45, 27 E) ઉત્તર આપવા માંગતા નથી.

14. જો 7 + 3 = 13, 16 ÷ 4 =2 અને 17 – 4 = 9 હોય તો 7 × 2 નું મૂલ્ય કયું થાય ?

A) 13 B) 8 C) 28 D) 14 E) ઉત્તર આપવા માંગતા નથી.

15. આપેલ કોઠામાં પ્રશ્નાર્થ ના સ્થાને કયો અંક મુકાય ?

| | | |
|---|---|---|
| 2 | 7 | 9 |
| 3 | ? | 4 |
| 7 | 1 | 10 |

A) 8 B) 11 C) 13 D) 12 E) ઉત્તર આપવા માંગતા નથી.

16. આપેલ શબ્દના મૂળાક્ષરો નો ઉપયોગ કરી કયો શબ્દ બનશે નહીં ? MIRACULOUS

A) SOLACE B) SCAR

C) MOLAR D) LOCUS E) ઉત્તર આપવા માંગતા નથી.

17. જો BOOK શબ્દનો સંજ્ઞા કોડ 43 થાય તો HATE શબ્દનો સંજ્ઞા કોડ કયો થાય ?

A) 34 B) 37 C) 32 D) 38 E) ઉત્તર આપવા માંગતા નથી.

18. જો PEN શબ્દનો કોડ ODM થાય તો WET શબ્દનો કોડ કયો થાય ?

A) SHP B) TFQ

C) UFR D) VDS E) ઉત્તર આપવા માંગતા નથી.

19. જો WORLD શબ્દનો સંજ્ઞા કોડ 13456 હોય તો ROW શબ્દ નો સંજ્ઞા કોડ કયો થાય.

A) 3445 B) 134

C) 431 D) 123 E) ઉત્તર આપવા માંગતા નથી.

20. જો 25 : X : : X : 4 હોય તો X નું મૂલ્ય કેટલું થાય ?

A) 10 B) 21 C) 2.5 D) 9 E) ઉત્તર આપવા માંગતા નથી.

21. PAINTING ના અંગ્રેજી મૂળાક્ષરો પરથી કયો શબ્દ બની ન શકે?

A) GAIN B) PANT

C) PAIN D) NIGHT E) ઉત્તર આપવા માંગતા નથી.

22. COMPASATION પરથી કયો શબ્દ બની શકે?

A) NAME B) MATE

C) SENATION D) STATION E) ઉત્તર આપવા માંગતા નથી.

23. SMART શબ્દની સંજ્ઞા 24678 હોય તો RAT ની કઈ થાય?

A) 768 B) 624 C) 468 D) 886 E) ઉત્તર આપવા માંગતા નથી.

24. શ્રેણી પૂર્ણ કરો : 37, 43, 40, 46, 43, __?__

A) 47 B) 59 C) 49 D) 69 E) ઉત્તર આપવા માંગતા નથી.

25. મુંબઈ કરતા લંડનનો સમય પાંચ કલાક પાછળ છે. લંડનથી રાત્રે 12:00 વાગે ઉપડેલું વિમાન 10 કલાક બાદ મુંબઈ પહોંચે ત્યારે મુંબઈનો સ્થાનિક સમય શું હશે?

A) બપોરના ત્રણ B) રાત્રે આઠ

C) સાંજના છ D) બપોરના બે E) ઉત્તર આપવા માંગતા નથી.

26. SATISFACTION શબ્દમાંથી કયો શબ્દ બનતો નથી?

A) ACTION B) FAST

C) NATION D) STATION E) ઉત્તર આપવા માંગતા નથી.

27. સંખ્યા શ્રેણી : 3, 6, 12, 24, __?__ , 96, 192 ની ખાલી જગ્યામાં યોગ્ય આંક પૂરો.

A) 52 B) 44 C) 36 D) 48 E) ઉત્તર આપવા માંગતા નથી.

28. ઘડિયાળના તમામ અંકને 1 ને બદલે A : 2 ને બદલે B : 3 ને બદલે C તેમ લાઈનસર બદલવામાં આવે, તો 7:25 કલાકે નાનો કાંટો કયા બે અક્ષર વચ્ચે હશે ?

A) H અને I B) E અને F

C) G અને H D) F અને G E) ઉત્તર આપવા માંગતા નથી.

29. ધારો કે આજે બુધવાર છે તો પછીના રવિવાર પછી 25 માં દિવસે કયો વાર હશે ?

A) સોમવાર B) ગુરૂવાર

C) રવિવાર D) શનિવાર E) ઉત્તર આપવા માંગતા નથી.

30. જો રજત = JPL હોય, કવન = ZEG હોય, મગન = WBG હોય અને હરણ = NJK હોય તો મનહર = શું થાય ?

A) WGNJ B) WNGJ

C) WJNG D) WGPJ E) ઉત્તર આપવા માંગતા નથી.

31. પ્રકાશે કહ્યું હસમુખની માતા એ મારી માતાની એકની એક પુત્રી છે, તો પ્રકાશ હસમુખને શું થાય ?

A) મામા B) માસા C) કાકા D) ફુઆ E) ઉત્તર આપવા માંગતા નથી.

32. રાજેશનો લાઈનમાં બંને તરફ નવમો નંબર છે તો લાઈનમાં કુલ કેટલી વ્યક્તિઓ હશે ?

A) 15 B) 16 C) 18 D) 17 E) ઉત્તર આપવા માંગતા નથી.

33. અંગ્રેજી મૂળાક્ષરોની હારમાં R પછીના ક્રમે કયો અક્ષર આવે : D, G, K, N, R, .....

A) S B) U C) Y D) T E) ઉત્તર આપવા માંગતા નથી.

34. અર્જુન સૂર્યોદય પછી ચાલતો હતો ત્યારે સહદેવે જોયું કે તેનો પડછાયો તેની જમણી બાજુએ પડતો હતો. જો હવે સહદેવ તેની વિરૂદ્ધ બાજુએથી આવતો હોય તો સહદેવનો ચહેરો કઈ દિશામાં હશે ?

A) દક્ષિણ B) પૂર્વ C) પશ્ચિમ D) ઉત્તર E) ઉત્તર આપવા માંગતા નથી.

35. 200 ખેલાડીઓની સીધી લાઇનમાં કાર્તિકેય ડાબી બાજુએથી 18 માં ક્રમે છે. તો જમણી બાજુથી તેનું સ્થાન કેટલાનું હશે ?

A) 183 B) 185 C) 184 D) 182 E) ઉત્તર આપવા માંગતા નથી.

36. શ્રેણી પૂર્ણ કરો : 80, 10, 70, 15, 60, ..........

A) 50 B) 20 C) 25 D) 30 E) ઉત્તર આપવા માંગતા નથી.

37. 7, 10, 8, 11, 9, 12, ...... કયો ક્રમ આવશે?

A) 13 B) 7 C) 12 D) 10 E) ઉત્તર આપવા માંગતા નથી.

38. શ્રેણી પૂર્ણ કરો : 53, 53, 40, 40, 27, 27, ....

A) 14 B) 12 C) 53 D) 27 E) ઉત્તર આપવા માંગતા નથી.

39. 36, 34, 30, 28, 24, ..... કયો ક્રમ આવશે ?

A) 26 B) 23 C) 22 D) 20 E) ઉત્તર આપવા માંગતા નથી.

40. જો અંગ્રેજી મૂળાક્ષરોને ઉલટા ક્રમમાં લખવામાં આવે ત્યારે 16 માં ક્રમના અક્ષરથી જમણી બાજુનો ચોથો અક્ષર કયો હશે ?

A) N B) H C) O D) G E) ઉત્તર આપવા માંગતા નથી.

41. ત્રણ સંખ્યાઓનું પ્રમાણ 3 : 4 : 6 છે અને તે સંખ્યાઓનો ગુણાકાર 1944 છે. આ સંખ્યાઓ માંથી સૌથી મોટી સંખ્યા કઈ છે?

A) 10 B) 6 C) 12 D) 18 E) ઉત્તર આપવા માંગતા નથી.

42. નીચેનામાંથી કાયો વિકલ્પ અલગ પડે છે?

A) 171 B) 195 C) 117 D) 143 E) ઉત્તર આપવા માંગતા નથી.

43. ત્રણ આંકડાની કેટલી સંખ્યાઓ છે જેના બધા જ અંકો ભિન્ન હોય ?

A) 720 B) 584 C) 6 D) 648 E) ઉત્તર આપવા માંગતા નથી.

44. પ્રથમ વીસ પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો કેટલો થાય?

A) 110 B) 310 C) 210 D) 90 E) ઉત્તર આપવા માંગતા નથી.

45. 1 થી 15 સુધીના અંકોના સરવાળાની સરેરાશ કિંમત કેટલી થાય?

A) 7.5 B) 120 C) 15 D) 8 E) ઉત્તર આપવા માંગતા નથી.

46. આકાશ એક ફેન્સી પેન ધરતીને પડતર પર 20% નફો ચઢાવીને વેચે છે. ધરતી આ જ પેન પોતાની પડતર પર 25% નફો ચઢાવીને રજનીશને વેચે છે જો રજનીશ આ પેનના રૂપિયા 75 ચુકવતો હોય તો આકાશને પેન કેટલા રૂપિયામાં પડી હશે?

A) 50 રૂપિયા B) 55 રૂપિયા

C) 100 રૂપિયા D) 80 રૂપિયા E) ઉત્તર આપવા માંગતા નથી.

47. એક સ્ટોર્સના 25 કામના દિવસોની સરેરાશ દૈનિક કમાણી રૂપિયા 100 છે. આ પૈકી પ્રથમ 15 દિવસોની સરેરાશ દૈનિક કમાણી રૂપિયા 80 છે. જ્યારે પછીના 10 દિવસોમાં એક તહેવારના દિવસ સિવાયની કુલ કમાણી રૂપિયા 540 છે. તો તહેવાર ના દિવસની કમાણી કેટલા રૂપિયા થાય?

A) 670 B) 1740

C) 760 D) 140 E) ઉત્તર આપવા માંગતા નથી.

48. એક વર્તુળનો વ્યાસ 14 સેમી છે. તો તેના પરિઘનું માપ કેટલું થાય?

A) 44 સેમી B) 14 સેમી

C) 88 સેમી D) 3.14 સેમી E) ઉત્તર આપવા માંગતા નથી.

49. એક લંબચોરસની એક બાજુ બીજી બાજુ કરતાં 3 સેમી વધુ છે. આ લંબચોરસની પરિમિતિ 58 સેમી હોય તો તેની લાંબી બાજુનું માપ કેટલું થાય?

A) 14.5 સેમી B) 16 સેમી

C) 31 સેમી D) 13 સેમી E) ઉત્તર આપવા માંગતા નથી.

50. એક રકમનું 2 વર્ષનું સાદુ વ્યાજ રૂપિયા 40 અને ચક્રવૃદ્ધિ વ્યાજ રૂપિયા 41 છે તે વ્યાજનો દર કેટલો હોય?

A) 8% B) 5% C) 4% D) 6% E) ઉત્તર આપવા માંગતા નથી.

51. રૂપિયા 50નો એક એવા 8 ટકા ડિવિડન્ડ આપતા 50 શેરો હોય તો વાર્ષિક ડિવિડન્ડ કેટલા થાય?

A) 32 B) 40 C) 200 D) 400 E) ઉત્તર આપવા માંગતા નથી.

52. 4 અર ક્ષેત્રવાળા ચોરસ બાગની લંબાઈ કેટલા મીટર થાય?

A) 10 મીટર B) 20 મીટર

C) 2 મીટર D) 4 મીટર E) ઉત્તર આપવા માંગતા નથી.

53. 8 ખુરશીની વે.કિં 9 ખુરશીની મૂ.કિં. જેટલી હોય તો કેટલા ટકા નફો થાય ?

A) 10 B) 12.5 C) 9.5 D) 11 E) ઉત્તર આપવા માંગતા નથી.

54. એક વ્યક્તિ વાર્ષિક 8% વ્યાજ આપતા બોન્ડમાં રૂપિયા 10,000 પાંચ વર્ષ માટે રોકે છે તો મુદત પૂરી થયે તેને વ્યાજ સાથે કુલ કેટલી રકમ મળશે?

A) 14000 B) 13000

C) 15000 D) 12000 E) ઉત્તર આપવા માંગતા નથી.

55. રમેશ પાસે 45 અને સુરેશ પાસે 40 ડોલર છે. આમાંથી 25 ડોલર હોટલમાં ખર્ચાયા. એક ડોલર રૂપિયા 45 બરાબર હોય તો આ બંને પાસે કુલ કેટલા રૂપિયા બચે?

A) 2700 B) 3100

C) 3000 D) 2900 E) ઉત્તર આપવા માંગતા નથી.

56. ખરીદીકિંમત + ખરાજાત= ......

A) ખોટ B) પડતર કિંમત

C) નફો D) વેચાણ કિંમત E) ઉત્તર આપવા માંગતા નથી.

57. 3, 6, 9, 12, ................ ના પ્રથમ 50 પદોનો સરવાળો કેટલો થાય?

A) 3925 B) 3625

C) 4025 D) 3825 E) ઉત્તર આપવા માંગતા નથી.

58. જો A × B માં 15 ઘટકો હોય તથા 1< n (x) < 5, હોય તો n(B) શોધો.

A) 15 B) 1 C) 3 D) 5 E) ઉત્તર આપવા માંગતા નથી.

59. X : 3 = 26 : 6 તો X ની કિંમત શોધો.

A) 13 B) 3 C) 12 D) 2 E) ઉત્તર આપવા માંગતા નથી.

60. 56 રૂપિયામાં એક પેન વેચતા તેની મૂળ કિંમત જેટલા ટકા નફો થયો, તો તેની મૂળ કિંમત કેટલી હશે?

A) -140 B) 140 C) 40 D) 100 E) ઉત્તર આપવા માંગતા નથી.

61. બે ટ્રેન અમદાવાદથી એક સાથે રવાના થાય છે. એક ટ્રેન ઉત્તર તરફ 60 કિ.મી. પ્રતિ કલાક અને બીજી ટ્રેન દક્ષિણ તરફ 40 કિ.મી. પ્રતિ કલાકની ગતિથી ચાલે છે. કેટલા કલાક પછી બને ટ્રેન 150 કિ.મી. ની દૂરી પર રહેશે ?

A) 15/2 B) 3/4

C) 3/2 D) 4/3 E) ઉત્તર આપવા માંગતા નથી.

62. A અને B ના ઉંમરનો સરવાળો 42 વર્ષ છે. 3 વર્ષ પહેલાં A ની ઉંમર B થી 5 ગણી હતી A અને B ની હાલની ઉંમર વચ્ચે તફાવત શોધો.

A) 24　B) 15

C) 12　D) 9　E) ઉત્તર આપવા માંગતા નથી.

63. 6 સંખ્યાઓ 7, 12, 17, 24, 26, 19 અને 28 ના સરેરાશ 19 છે. જો દરેક સંખ્યામાં 8 ઉમેરાયેલ છે. તો નવું સરેરાશ કયું હશે ?

A) 36　B) 33

C) 27　D) 23　E) ઉત્તર આપવા માંગતા નથી.

64. 501 થી 700 તમામ નંબર લખવામાં આવે, તો અંક 6 કેટલી વખત આવશે?

A) 140　B) 138

C) 141　D) 139　E) ઉત્તર આપવા માંગતા નથી.

65. એક દિવાલને રંગકામ કરવા માટે પ્રથમ અસ્તરમાં લિટરદીઠ 6 ચો.મીટર રંગકામ થાય છે. બીજી અસ્તરમાં લિટરદીઠ 12 ચો.મી. રંગકામ થાય છે. તો બે અસ્તરનું રંગકામ કરવમાં સરેરાશ લિટરદીઠ કેટલા ચો.મીટર રંગકામ થાય?

A) 8　B) 4　C) 9　D) 3　E) ઉત્તર આપવા માંગતા નથી.

66. એક નળાકાર ટાંકીમાં પાયાની ત્રિજ્યા 3.5 મીટર અને ઊંચાઈ 4 મીટર છે. આ ટાંકીની વક્ર સપાટીને રંગવાનો ખર્ચ દર ચોરસ મીટરે રૂપિયા 40 લેખે કેટલો થાય ?

A) 1760　B) 600

C) 3520　D) 2920　E) ઉત્તર આપવા માંગતા નથી.

67. 11 કી.મી. અંતર કાપવા માટે એક સાયકલનું પૈડું 6250 વખત પરિભ્રમણ કરે છે. તો આ પૈડાનો વ્યાસ કેટલો હશે ?

A) 56 સેમી　B) 2.8 સેમી

C) 28 સેમી　D) 5.6 સેમી　E) ઉત્તર આપવા માંગતા નથી.

68. બે અંકોની એક સંખ્યામાં દશકનો અંક 7 છે અને બંને અંકોનો સરવાળો એ એકમના અંકનો આઠગણો છે. તો તે સંખ્યા કઈ છે?

A) 78　B) 71　C) 70　D) 77　E) ઉત્તર આપવા માંગતા નથી.

69. બે સંખ્યાનો સરવાળો 112 છે તેમાં નાની સંખ્યા અને મોટી સંખ્યા નો ગુણોત્તર 5 : 9 છે. તો મોટી સંખ્યા કઈ હશે?

A) 72 B) 103 C) 56 D) 40 E) ઉત્તર આપવા માંગતા નથી.

70. સંખ્યા ગણતરીના સંદર્ભમાં નીચેનામાંથી કયો શબ્દ સુસંગત નથ ?

A) અબજ B) મહાપદ્મ

C) પદ્મપર્વ D) નિખર્વ E) ઉત્તર આપવા માંગતા નથી.

71. Combine the following sentences to make it a compound.

She threw the stone. It missed the dog.

A) She threw the stone, but it missed the dog

B) She Threw the stone, and it missed the dog.

C) She Threw the stone, yet it missed the dog.

D) She threw the stone, still it missed the god.

E) ઉત્તર આપવા માંગતા નથી.

72. I...........your proposal.

A) excpt B) expect C) accept D) aspect E) ઉત્તર આપવા માંગતા નથી.

73. The country is divided...............five regions?

A) in B) to C) into D) from E) ઉત્તર આપવા માંગતા નથી.

74. The doctor..................the man that his son would recover.

A) ensured B) assured

C) insured D) promised E) ઉત્તર આપવા માંગતા નથી.

75. The film is about a spy ..............wife betrays him.

A) who B) whom

C) whose D) that E) ઉત્તર આપવા માંગતા નથી.

76. Hurry up! Everybody.....................for you.

A) waits B) waiting

C) wait D) waited E) ઉત્તર આપવા માંગતા નથી.

77. They haven't come yet, .................. ?

A) has they B) hasn't they

C) haven't D) have they E) ઉત્તર આપવા માંગતા નથી.

78. I don't think I ............... be able to go.

A) can B) shall

C) should D) may E) ઉત્તર આપવા માંગતા નથી.

79. ........................ apples are there in the basket?

A) How much B) How many

C) How D) Which E) ઉત્તર આપવા માંગતા નથી.

80. Change the voice.

The people will make him president.

A) President will be made by the people.

B) He will be made president by the people.

C) He will have been made president by the people.

D) President will be made by the people.

E) ઉત્તર આપવા માંગતા નથી.

81. A pair of scissors .................. to be bought.

A) is B) are C) were D) may E) ઉત્તર આપવા માંગતા નથી.

82. She had ............... million rupees.

A) the B) an C) one D) a E) ઉત્તર આપવા માંગતા નથી.

83. He has no interest ............... sports.

A) on B) in C) of D) for E) ઉત્તર આપવા માંગતા નથી.

84. Sri Lanka is ............... island.

A) an B) a C) the D) none E) ઉત્તર આપવા માંગતા નથી.

85. Ritu is ............ most active girl in ............ family.

A) the, a B) the, the C) a, the D) a, a E) ઉત્તર આપવા માંગતા નથી.

86. એક નામને અન્ય નામ સાથે જોડનારને કઈ વિભક્તિ કહેવાય?

A) સંબંધ વિભક્તિ B) સંબોધન વિભક્તિ

C) કર્મ વિભક્તિ D) કર્તા વિભક્તિ E) ઉત્તર આપવા માંગતા નથી.

87. નીચેના રેખાંકિત પદનો કૃદંત પ્રકાર જણાવો.

ચકુ ગૃહકાર્ય <u>કરીને</u> સ્કૂલે ગઈ છે.

A) ભૂતકૃદંત B) સંબંધક ભૂતકૃદંત

C) ભવિષ્યકૃદંત D) વિધ્યર્થકૃદંત E) ઉત્તર આપવા માંગતા નથી.

88. નીચેનામાંથી કયું વાક્ય પ્રેરક વાક્ય છે?

A) મહારાજ હશે છે B) ઇન્દિરાથી કવિતા ગવડાવાય છે

C) ધોની ક્રિકેટ રમાડે છે D) તે રોજ ટોપરું ખાય છે E) ઉત્તર આપવા માંગતા નથી.

89. નીચેનામાંથી કયું વાક્ય કર્તરી વાક્ય છે?

A) લેખકથી ચંદ્રની શોભા જોવાઈ રહી છે B) બા દક્ષને દૂધ પીવડાવે છે

C) મૃણાલ મુંજના પગે વળગી પડી D) આક્કાથી મરી જવાયું E) ઉત્તર આપવા માંગતા નથી.

90. 'માનસિક આવેગવાળું' શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

A) સાંવેગિક B) આવેગિક

C) સ્થિતપ્રજ્ઞ D) સ્પૃહણીય E) ઉત્તર આપવા માંગતા નથી.

91. શરદનો ચંદ્ર સંપન્ન તો એટલો બધો કે ક્યાંક પોતાની જ ચાંદનીના ભારથી તૂટી ન પડે? વાક્યમાંનો અલંકાર જણાવો.

A) વ્યાજસ્તુતિ B) રૂપક

C) વ્યતિરેક D) ઉપમા E) ઉત્તર આપવા માંગતા નથી.

92. કયો શબ્દ સમાનાર્થીમાં નથી તે જણાવો.

A) વણસવું B) બગડવું

C) ખરાબ થવું D) વખોડવવું E) ઉત્તર આપવા માંગતા નથી.

93. શિષ્ટ શબ્દ શોધીને લખો.

A) તાકડે B) મુલક

C) હાલવું D) નવાણ E) ઉત્તર આપવા માંગતા નથી.

94. ક્રિયાનો જે આધાર હોય તે કઈ વિભક્તિ ગણાય છે?

A) કરણ
B) સંપ્રદાન
C) અધિકરણ
D) વિરહ
E) ઉત્તર આપવા માંગતા નથી.

95. 'હૈયુ ભાંગી નાખવું' એટલે

A) અત્યંત શ્રમ કરવો
B) ખતમ કરી નાંખવું
C) મોટો આઘાત પહોંચાડવો
D) કોઈનું ન સાંભળવું
E) ઉત્તર આપવા માંગતા નથી.

96. નીચેનામાંથી કયો એક રૂઢિપ્રયોગ અન્ય ત્રણથી જુદો અથવા અલગ અર્થ વ્યક્ત કરે છે?

A) જીવ પડી કે બંધાવો
B) જીવ ઠેકાણે રહેવો
C) જીવ તાળવે ટંગાવો
D) જીવ દોરીએ વીંટાવો
E) ઉત્તર આપવા માંગતા નથી.

97. સમાસ ઓળખાવો : યુવરાજ

A) દ્વંદ્વ
B) ઉપપદ
C) તત્પુરુષ
D) કર્મધારય
E) ઉત્તર આપવા માંગતા નથી.

98. સાચો સમાનાર્થી શબ્દ આપો : વૃતાંત

A) વૃત
B) વૃથા
C) ગોળાકાર
D) સમાચાર
E) ઉત્તર આપવા માંગતા નથી.

99. કહેવત નો અર્થ આપો : હૈયું તેવું હોઠે

A) હોઠ સાજા તો ઉત્તર ખાસા
B) હૈયામાં ભરી રાખવું
C) હૈયુ ખાલી કરવું
D) વિચાર તેવી વાણી
E) ઉત્તર આપવા માંગતા નથી.

100. શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો : કોઈની પણ મદદ ન લેનાર

A) અવલંબી
B) પરાવલંબી
C) સ્વાવલંબી
D) મદદગાર
E) ઉત્તર આપવા માંગતા નથી.